**1.** જાદુના પ્રકાર જણાવો**. (July 18)**

- અનુસૂચિત જનજાતિઓની માન્યતાઓ વહેમ, ચમત્કાર અને જાદુ જેવી અંધશ્રદ્ધા પર આધારિત છે. તેમની વિધિઓ, પૂજા, બલિ વગેરેમાં જાદુ અને ચમત્કારની શ્રદ્ધા જોવા મળે છે. જાદુમાં તેઓ મંત્ર અને તંત્રનો ઉપયોગ કરે છે. તેઓ બે પ્રકારના જાદુમાં વિશ્વાસ ધરાવે છે : (1) સફેદ જાદુ અને (2) કાળો જાદુ સફેદ જાદુ રક્ષણાત્મક અને કલ્યાણકારી છે. કાળો જાદુ તાંત્રિક વિદ્યા અને ભૂતપ્રેત સાથે જોડાયેલો છે. તેઓ માને છે કે જાદુ દ્વારા અલૌકિક શક્તિ પર આધિપત્ય જમાવી શકાય છે. જોકે એમાં હંમેશાં સિદ્ધિ મળે એવું હોતું નથી.

2. ભારતની કોઈ ચાર આદિમજાતિનાં નામ આપો.

- ભારતની ચાર આદિમજાતિનાં નામ નીચે પ્રમાણે છે : 1, બસ્તારના મુરિયા, 2. ઓડિશાના બૉદો અને જુઆંગ, 3. આંધમાં વસતા ગોંડ અને 4. દક્ષિણ ભારતના કાદર, ઈસલા, ચેચું અને ટોડા.

3. અનુસૂચિત જાતિઓમાં સૌથી વધુ વસ્તી ધરાવતી મુખ્ય ચાર જાતિઓ કઈ છે? (March 18)

- અનુસૂચિત જાતિઓમાં સૌથી વધુ વસ્તી ધરાવતી મુખ્ય ચાર જાતિઓ આ પ્રમાણે છે : (1) માહયાવંશી, વણકર, (2) ભાંભી, ચમાર, ચામડિયા (3) ભંગી, મહેતર, રૂખી અને (4) મેધવાર, મેઘવાળ.

4. આદિમજાતિઓમાં 'યુવાગૃહો' કયાં કાર્ય કરે છે? (March 18, July 18)

- આદિમજાતિઓમાં યુવા સંગઠનો 'યુવાગૃહો' તરીકે ઓળખાય છે. આદિમજાતિઓમાં સંયુક્ત અને વિભક્તયુવાગૃહો અસ્તિત્વ ધરાવે છે. યુવાગૃહો દ્વારા આદિમજાતિના અપરિણીત યુવક અને યુવતીઓનું સમાજીકરણ કરવામાં આવે છે તથા તેઓને સંસ્કૃતિનું આત્મસાતીકરણ કરાવવામાં આવે છે.

5. ભારતની આદિમજાતિઓનું વર્ગીકરણ કઈ છ રીતે કરવામાં આવે છે?

- ભારતની આદિમજાતિઓનું વર્ગીકરણ આ છ રીતે કરવામાં આવે છે : (1) ભૌગોલિક રહેઠાણની દૃષ્ટિએ, (2) આર્થિક દૃષ્ટિએ, (3) વસ્તી પ્રમાણની દૃષ્ટિએ(4) ભાષાકીય દૃષ્ટિએ(5) સાંસ્કૃતિક દૃષ્ટિએ અને (6) જાતિ તત્ત્વોની દૃષ્ટિએ.

6. 'મંડલ કમિશનરને કઈ કામગીરી સોંપવામાં આવી હતી?

- મંડલ કમિશનરને નીચેની કામગીરી સોંપવામાં આવી હતી : સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો નક્કી કરવા માટેના માપદંડો નક્કી કરવા. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના વિકાસ માટેના પગલાંની ભલામણ કરવી. જાહેર સેવાઓમાં પાયપ્તિ પ્રતિનિધિત્વ નથી તેવા પછાત વર્ગોને નોકરીનોમાં અનામતની જોગવાઈ અંગે ભલામણ કરવી.